# પોતાનાં મૂળિયાં ફંફોસતા વિચારક

ભોગીલાલ ગાંધી સંદર્ભે બે દશ્યો આપણા સમાજે હંમેશા યાદ રાખવા જેવાં છે. આ બે દશ્યો ગુજરાતના સમાજજીવને, સાહિત્યજગતે અને સંસ્કારધને સંગ્રહી રાખવા જેવાં છે.

એક દશ્ય કંઈક આવું છે : ભોગીલાલ ગાંધી એક ખંડમાં બેઠા છે. અધ્યયનમાં ગળાડૂબ છે. કોઈક એક વ્યક્તિ એમને ખોળતી એ ખંડમાં આવે છે. ભોગીલાલ ગાંધી એ ખંડમાં હોવા છતાં એ વ્યક્તિ તેમને ભાળી શકતી નથી એનું કારણ એ છે કે કદમાં નાના એવા ભોગીભાઈ પુસ્તકોની થપ્પીઓ અને ઢગલા વચ્ચે ઢંકાયેલા હતા. ચોફેર પુસ્તકોની થપ્પીઓ નીચે એ જલદી નજરે ચડે એમ ન હતા. આ દશ્યમાં આપણને એક આધુનિક ઋષિનાં દર્શન થાય છે. એક તરફ પરંપરાનું શીલ અને બીજી તરફ પશ્ચિમનું વિશ્લેષણાત્મક ચિંતન, બંનેનું સાયુજ્ય ભોગીભાઈમાં જોવા મળતું. એમની અભ્યાસનિષ્ઠામાં, ચિંતનમાં કે સર્જનમાં આનો ભારોભાર અનુભવ થતો. આ દશ્યને જીવતું રાખવાનું કાર્ય ગુજરાતના બૌદ્ધિકોએ કરવું રહ્યું. કદાચ એ જ એમની જન્મશતાબ્દી ટાણે વંદના હશે.

બીજું એક દશ્ય યુવાનોએ યાદ રાખવા જેવું છે. સમય આઝાદી પહેલાંનો છે. સ્થળ છે વિક્ટોરિયા ગાર્ડન. બ્રિટિશ સી.આઇ.ડી. પોલીસ એક યુવકની ધરપકડ કરવા તૈનાત ઊભી છે. એમની જોડે માહિતી હતી કે એક ખાદીધારી ક્રાંતિકારી યુવક અહીંથી પસાર થવાનો છે. આવતાં–જતાં અનેક લોકોમાં એ યુવક લૉન્ગ કોટ અને હેટના પરિવેશમાં પોલીસને થાપ આપીને ત્યાંથી પસાર થઈ જાય છે. એ ક્રાંતિકારી યુવાન એ જ આપણા ભોગીલાલ ગાંધી. એમની જીવનક્રાંતિ એમની વિચારક્રાંતિની ઊપજ હતી.

ક્રાંતિ, ક્રાંતિ અને સતત સર્જન એ એમનો ધ્રુવમંત્ર હતો. વિચારક્રાંતિના એ મૂળના, કુળના હતા. સમાજના છેવાડાના માણસની ચિંતા કરતા એ પ્રખર બૌદ્ધિક હતા. યુગચેતના જેમણે આત્મસાત્ કરી હતી એ ચિંતક–કવિ પોતાના એક કાવ્યમાં પોતાનું આ દર્શન આમ આપણી સમક્ષ મૂકે છે :

*ઝળૂંબ્યાં વાદળાં આભે*
*સ્થિતિ–ગતિ–પરિવર્તનો*
*હિંસ્ર યુદ્ધો, રક્તભીની ક્રાંતિઓ, પ્રતિક્રાંતિઓ*
*એક વીંટે વીંટીને*
*ઝળૂંબ્યું આભ માથે*
*સર્વ આકારો ભૂંસીને.*
*ઝળૂંબ્યું આભ માથે –*
*સર્વ ભાવો ભાવનાઓ એકચકી દળીને*
*ઝળૂંબ્યાં પાપ–પુણ્યો*
*સત્–અસત્ સૌ, શુભ–અશુભ સૌ*
*એક ગ્રાસે ગ્રસીને.*
*ઉન્મૂલ પૃથ્વી*
*ઉદ્ધ્વસ્ત આભ*
*ઉદ્ભ્રાન્ત નગ્ન માનવ!*
*ઉદ્દ્રાન્ત નગ્ન માનવ –*
*અક્ષુણ્ણ જીવાણુ શો, તથાપિ,*
*અસ્તિત્વના –*
*સાતત્ય સત્ સમો ઊભો રહ્યો સાદ્યંત –*
*સર્વ ઇતિહાસો, સર્વ ભાવો, પાપપુણ્યો અતિક્રમી*
*સ્વયં સાક્ષી, સ્વયં સર્જક*
*– માનવ!*

ભોગીલાલ ગાંધી એક આખા યુગના સ્વયં સાક્ષી રહ્યા, અને સતત સર્જન કરતા અદના આદમીની ખેવના કરતા પોતે જ એક સો ટચના મનુષ્ય હતા. પ્રખર વિચારક તો ખરા, પ્રખર મનુષ્યપ્રેમી પણ ખરા.

બીજો એક પ્રસંગ હંમેશાં પ્રતીક સમો ભાસે છે. એમનું ઘર એટલે અનેકોની જાત્રાનો વિસામો. એમણે કદી કોઈ વેપાર કરેલો નહીં, કદી કોઈ નોકરી કરેલી નહીં, તોય એમનો સંસાર ચાલ્યા કરતો. ઘરમાં જાતભાતના મહેમાનોનો પ્રવાહ

અવિરત રહેતો ત્યારે એક વણકહ્યો નિયમ એ રહેતો, સૌ સાથે જમવા બેસે ત્યારે અને જમ્યા પછી ડાઇનિંગ ટેબલ ભોગીભાઈ સાફ કરતા. ઘરની કામવાળીથી માંડી આવેલા ભલભલા ‘મોટા’ મહેમાન પણ એક જ ટેબલ પર સાથે બેસી જમતાં. બધાં જમી રહે એટલે ભોગીભાઈ ટેબલ સાફ કરે, એંઠવાડ ઉપાડે. એમની આ ક્રિયા એક પ્રતીક સમી હંમેશાં લાગતી. જાણે એમણે જીવનભર સમાજરૂપી ચિત્તનું ટેબલ સાફ કરવાનો ભેખ લીધો હતો. આજે ભોગીલાલ ગાંધી હોત તો સામાજિક, રાજકીય અને સાહિત્યિક વાતાવરણ કેટલું ધમધમતું અને સચેત હોત! આજે પ્રતિભાની ઊણપ છે ત્યારે એમનું જીવન અને કવન સમાજે અંકે કરવાની ખૂબ જરૂર છે.

‘વિશ્વમાનવ’થી કશું ઓછું ખપે નહીં એવું માનતા આ સર્જક–ચિંતક અને કર્મનિષ્ઠમાં અનેરું સાયુજ્ય હતું. નવલોહિયા અને નવોદિતોને જોઈ એમને શેર લોહી ચડતું અને એમને ભરપૂર ચાહી, દિશાસૂચન કરતા રહેતા. ભોગીલાલ ગાંધી એક એવી પ્રતિભા હતી જેમનું હોવું જ સમાજ માટે ચિનગારીરૂપ હતું. કવિ ‘ઉપવાસી’ એટલે ભોગીલાલ ચુનીલાલ ગાંધી. મૂળે સ્વરાજ સંગ્રામનો થનગનતો જીવ. એમનો જન્મ 26 જાન્યુઆરી 1911માં મોડાસા ગામમાં થયો હતો. એ સમયે મોડાસાના જાહેરજીવનમાં ‘મૂઠી ઊંચેરો માનવી’ એટલે મથુરદાસ ગાંધી. જેઓ એમના કાકા થાય. એમનો સંસ્કારવારસો એમણે સીધેસીધો ઝીલ્યો. પાછળથી ભોગીલાલ ગાંધીએ ‘પુરુષાર્થની પ્રતિમા’ નામનું મથુરદાસ ગાંધી પર પુસ્તક પણ લખ્યું. વીસમી સદીના પૂર્વાર્ધના ગાંધીના જીવન–કવન સમગ્ર દેશમાં છવાઈ ગયાં હતાં. એ પથ પર અણીશુદ્ધપણે આગળ વધવાની પહેલ સ્વમાનીઓએ કરી હતી એમાં ભોગીલાલ ગાંધી આગલી હરોળના હતા. ગાંધીની એ સમયની વિચારઆંધીએ કિશોર ભોગીભાઈના હૃદયમાં અનેરી ભરતી આણી. ભરૂચમાંથી મૅટ્રિક પાસ કરી 1923માં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ અર્થે દાખલ થયા. આ ગાળામાં ગાંધી–ચેતનામાં એમનું ઘડતર થયું. આશ્રમ સમું વાતાવરણ, સ્વચ્છતા, સાદગી, પરિશ્રમ સાથે અનેરી જીવનદૃષ્ટિ મળી. અને આવનારા સમય માટે જાણે એક સાચા માનવમાં ‘વિશ્વમાનવ’ની ભોંય રચાઈ.

1930 સુધીમાં સ્નાતક થતાંમાં એમનામાં સર્જનાત્મકતાની ધારા ફૂટી. ‘મહાબળેશ્વર’ નામની પ્રવાસકથા પછી ‘સાધના’ નામનો કાવ્યસંગ્રહ એ આપે છે. સત્યાગ્રહમાં રત એવા આ યુવાનને સ્વરાજના આંદોલનમાં સાડા ત્રણ વર્ષની જેલ થાય છે. જેલવાસ દરમ્યાન માર્ક્સવાદી સાહિત્યનું અધ્યયન અને એ વિચારધારાનું પરિશીલન કરવાની તક મળી. એમનામાં રશિયન સમાજવાદનું આકર્ષણ જન્મે છે.

પરિણામે 1940માં ગુજરાતને ભોગીલાલ ગાંધીમાં એક શિસ્તબદ્ધ સામ્યવાદીની મુદ્રા જોવા મળે છે. આ સમયે જીવનસાથી સુભદ્રા ગાંધી પણ આ ધારામાં ઓળઘોળ હોઈ એમની સાથે જોડાય છે.

એ સમય પ્રતિભાઓનો સમય હતો, વિચારધારાઓનો સમય હતો. યુગચેતના ફેલાવતી વિચારધારાઓ, પ્રતિભાઓ સર્જતી અને જાણે યુગકારો માટે મૂઠી ઊંચેરા માનવીઓ સમાજમાં પ્રગટતા રહેતા. ભોગીલાલ એક તરફ માર્ક્સવાદની સમાજવાદી ધારા આત્મસાત્ કરે છે તો બીજી તરફ ગાંધી જીવન–કવનના રંગે સતત રંગાતા રહ્યા. ત્રીજી બાજુ, સર્જક ભોગીલાલને, રવીન્દ્ર–સાહિત્ય સતત પ્રેરણા આપતું રહ્યું. રશિયન સાહિત્યનો પરિચય–પરિશીલન અને અનુવાદ એમના જીવનનું 'પાથેય' બને છે. એમણે આશરે 80 જેટલાં પુસ્તકો આપ્યાં. સાહિત્યના એકાધિક સ્વરૂપમાં એમનું ખેડાણ ચાલતું રહ્યું. પ્રવાસકથા, જીવનચરિત્ર, કવિતા, નવલિકા જેવું મૌલિક સર્જન આપતા હતા. એમની અભ્યાસનિષ્ઠા, ચિંતનાત્મક એવા મૌલિક વિચારો એમના સ્વતંત્ર લેખો અને પુસ્તકોમાં પ્રગટતા રહ્યા. 'પાથેય' અને 'મિતાક્ષર' ભોગીલાલના વિચારોને પ્રગટ કરતાં મહત્ત્વનાં પુસ્તકો છે. એમનામાં માર્ક્સ, ગાંધી, રવીન્દ્રનાથ સાથેસાથે જોવા મળે છે. ક્રાંતિ, ક્રાંતિ અને સર્જનનું અદ્ભુત રસાયણ એમનાં જીવન અને કવનમાં પ્રગટતું રહ્યું. વિનોબા ભાવે કે દાદા ધર્માધિકારી સાથેનાં સંવાદો અને કાર્યો ભોગીલાલ ગાંધીમાં એકસાથે જોવા મળતાં, ત્યાં સુધી કે પ્રખર બૌદ્ધિક એવા ભોગીલાલ ગાંધી જીવનના ઉત્તરાર્ધમાં 'ચમત્કારોનું વિજ્ઞાન' અને 'ચમત્કારિક શક્તિની શોધ'માં જેવાં પુસ્તકો પણ આપે છે.

એમની કેટકેટલા વિષયોમાં ઊંડાણભરી ગતિ! સર્જક, કર્મનિષ્ઠ અને ચિંતક એવા ભોગીલાલે કવિતા, વાર્તાઓ ઉપરાંત અભ્યાસગ્રંથો આપ્યાં. જેવાં કે 'અમારો ધ્યેય સામ્યવાદ', 'સામ્યવાદ સિદ્ધાંત', 'સોવિયેટ રશિયા', 'રાષ્ટ્રીય એકાત્મતા', 'સામ્યવાદી ચીન', 'ચીની ખેડૂતોની દુર્દશા', 'સાંસ્કૃતિક ક્રાંતિનો અભિશાપ', 'ઇન્દિરા કયા માર્ગે?', 'ભારત કયા માર્ગે?', 'સામાજિક ન્યાય', 'લોકશાહી અને ક્રાંતિ'થી માંડી ઇસ્લામ પર પણ ગ્રંથો મળ્યા છે. રવીન્દ્ર અને રશિયન સાહિત્યનું અનુવાદકાર્ય તો ખરું જ. એમના દ્વારા શરત્ચંદ્રની નવલકથાઓના અનુવાદો પણ ખૂબ લોકપ્રિય બન્યા. 'જ્ઞાનગંગોત્રી' જેવા સંપાદન સહિત અનેક વિશિષ્ટ સંપાદનો મળ્યાં. પરંતુ ખરું પ્રદાન એમનું 'વિશ્વમાનવ' દ્વારા થયું. સામાજિક, રાજકીય કે સાહિત્યિક વિચારધારાઓને નિર્ભીક રીતે પ્રગટ કરતા આ તંત્રી કોઈ નવોદિતના કાવ્યમાં એક પંક્તિ પણ કાવ્ય બનતું હોય તો આખું કાવ્ય છાપતાં

જરાય અચકાતા નહીં. 1958થી ચાલેલું 'વિશ્વમાનવ' માસિક આપણા સમાજ અને સાહિત્યનું સાચું દર્પણ હતું.

એક વખતના સામ્યવાદી વિચારમાં ગળાડૂબ ભોગીલાલ ગાંધી અને સુભદ્રા એક મોટો વળાંક આપે છે. 1949થી '52માં જેલવાસ ભોગવ્યા પછી સામ્યવાદીઓની નીતિ–રીતિઓથી નિર્ભ્રાંત થયા. 1959માં લગભગ એ છેડો ત્યાગ્યો. ત્યાર બાદ પોતાની અસલ ભોમમાં, ગાંધીવિચારધારામાં જીવનપર્યન્ત રમમાણ રહ્યા.

"17 વર્ષની એકધારી કામગીરી બાદ 1956માં મેં સામ્યવાદી પક્ષનું સભ્યપદ છોડ્યું ત્યારે ભારતીય જ નહીં વિશ્વનાં સામ્યવાદી પરિબળો માર્ક્સવાંછિત માનવીય ક્રાંતિનું ધ્યેય સિદ્ધ કરવામાં અસમર્થ નીવડ્યાં છે અને જોઈ શકાય તેટલા દૂરના ભવિષ્યમાં કોઈ મહત્ત્વનો ફેર પડે એવું લાગતું નથી એટલું જ હું સમજેલો. સાથોસાથ સ્તાલિન વિચારમાંય રહેલી વિકૃતિ, લેનિન વિચારમાંય રહેલી વિકૃતિ અને અંતે માર્ક્સવાદમાં રહેલી વિકૃતિ સમજતો થયો. પૂરાં બાર વર્ષના એક તપને અંતે, માર્ક્સવાદી આઇડિયોલૉજીથી મુક્તિ પામ્યો. એ કથનમાં કશી જ અતિશયોક્તિ નથી કે આ સમસ્ત પ્રક્રિયા દરમ્યાન મારે માટે જો કોઈ ચિંતનધારા સતત પ્રેરક બની રહી હોય તો તે ગાંધીવિચારની, બલ્કે કેમ જાણે, આ બધાં વરસો હું મારાં મૂળિયાં ફંફોસી રહ્યો હતો."

કટોકટીનો સમય હોય કે નવનિર્માણનો, વિનોબાની વાતો હોય કે જે.પી.ની, ભોગીલાલ એક ઠોસ નિસબતથી અડીખમ ઊભા રહી જે તે સમયે સમાજને દિશા સૂચવતા રહ્યા. વડીલો સામે દલીલો કરતા યુવાનો સાથે ખભો મિલાવતા, શોષિત, પીડિતો માટે મરી પરવારતા.

ગુજરાતી સાહિત્યમાં એક નવી ચેતનાનું વાતાવરણ રચ્યું 'વિશ્વમાનવ' દ્વારા. આજે જે પ્રસ્થાપિત લેખકો છે એ લગભગ તમામની પ્રારંભની રચનાઓ 'વિશ્વમાનવ'માં પ્રગટ થઈ હતી. પ્રેમીઓના પ્રેમી એવા ભોગીલાલ ગાંધી અને સુભદ્રા ગાંધી એક એવો માળો હતો જ્યાં કોઈ પણ મુક્ત પંખી આવી પોતાનું ગીત ગાઈ શકતું.

એમના જીવનની હરએક પળ એ જીવ્યા. કેટકેટલાં પાસાં વિષે વાત કરવી! પ્રેમીયુગલોને આશરો આપતા ભઈ, દૈયડના આવવાની રાહ જોતા, શિયાળાની રાતે ઠંડીમાં ઠરતા અનેકોને હૂંફ આપતા, કટોકટીમાં પડકાર ફેંકતા, નબળી કવિતામાં અંતે માત્ર સબળ પંક્તિ હોય તો આખી રચના છાપતા, રાજકીય સમીકરણોને નાણતા, મોરારજી દેસાઈ જેવાને પરદેશ કેસ ન કરવાની સલાહ

આપતા, ભોજન કરતાં પહેલાં પક્ષીઓને રોટલી આપતા ભઈ, ક્ષણેક્ષણે 'નવજીવન દૃષ્ટિ'ની શોધ કરતા રહ્યા. એક તરફ 'ઇન્દિરા કયા માર્ગે' બીજી તરફ ઇસ્લામ પર પુસ્તક આપતા રહ્યા.

છેલ્લા સમયમાં એ બંને એકાકી બની ગયાં. કેટલાંક મિત્રો ચાલ્યાં ગયેલાં તો કેટલાંક પોતાની માયામાં ડૂબી ગયેલાં. જે ઘર મહેમાનો–મિત્રોથી ઊભરાતું, જ્યાં અવનવી વિચારધારાઓના અહર્નિશ ફુવારા ઊડતા, વિચારવિમર્શમાં 24 કલાક ઓછા પડતા ત્યાં બે જણ એકલાંએકલાં પોતાનાં જીવન–કવનને જાણે ફરીફરી મૂલવતાં રહ્યાં. સમય પસાર કરી રહ્યાં. અંતિમ દિવસોમાં ભોગીલાલ ગાંધીને શાતા મળતી કાવ્યમાંથી. જીજી એમની પાસે બેસી એમનાં મનગમતાં કાવ્યોનું પઠન કરતાં. એક દીવો એમ બુઝાયો જેણે પોતાના અજવાળાની ખેવના વગર બીજાના અજવાળે પોતાનું અજવાળું ભાળ્યું.

હમણાં ભુજની એક મીટિંગમાં સાહિત્ય જીવનમાં શું પરિવર્તન આણી શકે છે? એની ચર્ચા ચાલતી હતી ત્યારે એક શિક્ષકે ઊભા થઈ કબૂલાત કરી કે પોતે ખૂબ ગુસ્સાવાળા સ્વભાવના હતા. બીજા તો શું ઘરવાળાયે એનાથી ત્રાસી ગયેલા. ત્યાં એક દિવસ એની નજર એક કાવ્યપંક્તિ પર પડી. એ એના જીવનના પરિવર્તનનું કારણ બની. એ કવિ, એ કાવ્ય એ ભૂલી ગયો. પણ એની પંક્તિ એના જીવનનો ધ્રુવમંત્ર બની ગઈ. એ પંક્તિ આપણા 'ઉપવાસી' કવિની પંક્તિ – 'તું તારા દિલનો દીવો થા'.

●●●

# ગાંધી–વિચારના યજ્ઞકુંડનું અજવાળું

અલાસ્કાની એક ચળવળ સંદર્ભે શાંતિસેના તરફથી નારાયણભાઈ દેસાઈ અલાસ્કા ગયા. ત્યાં એમને લેવા માટે એક યુવાનેતા આવેલો. કારમાં પરસ્પર પરિચય થયો. નારાયણભાઈ દેસાઈએ જ્યાં પોતાનો પરિચય આપ્યો ત્યાં જ એ યુવાનેતાએ અચાનક જોરથી બ્રેક મારી ગાડી ઊભી રાખી અને બોલ્યો, 'ચમત્કારો આજે પણ બને છે. મારા જીવનનું એક સપનું હતું કે જ્યારે પણ મહાત્મા ગાંધીના સાંનિધ્યમાં રહેલી કોઈ વ્યક્તિનું હું સાંનિધ્ય કેળવીશ ત્યારે એ ક્ષણ મારા જીવનની ધન્ય ક્ષણ હશે. આજે એ મહેચ્છા સાકાર થઈ છે.' કહેતાં કહેતાં નારાયણભાઈના સ્પર્શમાં જાણે ગાંધીજીનાં સ્પર્શ–સ્પંદનો અનુભવતો હોય એમ એ યુવાનેતાની કૃતજ્ઞતા છલકાઈ ઊઠી.

નારાયણભાઈ દેસાઈનું સાંનિધ્ય જ્યારે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે આવી જ કૃતજ્ઞતાનો ભાવ અનાયાસ જાગે છે. પિતા મહાદેવ દેસાઈ ગાંધી–ચરણે સમર્પિત હતા. નારાયણભાઈ દેસાઈએ એમના વિશે સુંદર પુસ્તક આપ્યું છે : 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. નારાયણભાઈ દેસાઈએ ગાંધીવિચારને પ્રજ્વલિત રાખવાનો ભેખ ધર્યો છે. એ ગાંધી–વિચારના યજ્ઞકુંડનું અજવાળું સતત ફેલાવે છે.

એમનો જન્મ 24–12–1924ના રોજ, એટલે શૈશવમાં જ ઐતિહાસિક દાંડીકૂચના એ સાક્ષી બન્યા. જીવનના આરંભનાં વીસ વરસ ગાંધીજી અને કસ્તૂરબાનાં સાંનિધ્યમાં ગાળ્યાં. યુવાનીમાં વિનોબા જોડે જોડાયા અને 12,000 કિલોમીટરની ભૂદાનયાત્રાનો પ્રવાસ કર્યો. એમને શાંતિ અને ક્રાંતિ જાણે ગળથૂથીમાં મળ્યાં. વીસ વરસ વિનોબા જોડે રહ્યા પછી બીજો મોટો વળાંક સર્જાયો. જયપ્રકાશજી જોડે જોડાયા અને શાંતિસેનામાં રહી અરુણાચલપ્રદેશના NEFA વિસ્તારમાં કામ કર્યું. હાલ જીવનના ઉત્તરાર્ધમાં 108 ગાંધીકથા કરી એમણે જાણે એ બધીય વિભૂતિઓનું ઋણ અદા કર્યું છે. પોતાના અનુભવનો

નિચોડ સમાજમાં પહોંચાડ્યો છે. નજીકના ભૂતકાળમાં જ મેક્સિકોમાં એમની ગાંધીકથા અંગ્રેજી ભાષામાં હતી. જેનું ભાષાંતર તરત સ્પેનિશ ભાષામાં થતું ને શ્રોતાઓ માણી શકતા. મેક્સિકોમાં હિંસાનું સામ્રાજ્ય પ્રવર્તે છે ત્યારે શાંતિનું મોજું જગવનાર નારાયણ દેસાઈ માટે કેટલાય મેક્સિકન લોકોએ કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. હવે ગૂજરાત વિદ્યાપીઠ અને મેક્સિકન યુનિવર્સિટીનું જોડાણ ઉદ્ભવ્યું છે.

નારાયણભાઈ દેસાઈ એટલે સાબરમતી આશ્રમ, વર્ધા સેવાશ્રમ અને વેડછી ગ્રામશાળાનું સરનામું. ભૂદાનયાત્રાના યાત્રી, શાંતિસેના (વારાણસી)ના મંત્રી, તરુણ શાંતિસેનાના અગ્રણી. ખાદી–પ્રવૃત્તિના આજીવન સક્રિય ભેખધારી, નઈ તાલીમ, રચનાત્મક કાર્યોના નિષ્ણાત, સર્વોદયમાં ક્રાંતિ જોનારા ગાંધીજન. પાંચ ભાષાના જાણકાર અને 'મારું જીવન એ જ મારી વાણી' પુસ્તક દ્વારા ગાંધી જીવન–કવનને અંકે કરી પ્રજા સમક્ષ મૂકનાર સક્ષમ લેખક. અનેક મહાનુભાવો સાથેના અગણિત પ્રસંગો એમની સ્મરણ–મંજૂષામાં અકબંધ છે. અનેક રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય ઘટનાઓના સાક્ષી અને ક્યારેક એનો ભાગ પણ બન્યા છે.

એમની આ કર્મયાત્રા સાથે–સાથે શબ્દયાત્રા અને સંવેદનયાત્રાની ત્રિવેણી સતત ચાલતી રહી છે. નારાયણ દેસાઈના ગુજરાતી–હિન્દી–અંગ્રેજીમાં વીસ ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. એમનાં પુસ્તકોમાંથી પસાર થતાં તેઓ એક ઉત્તમ વિચારક અને ચિંતક હોવાનું ફલિત થાય છે. એમની લાઘવયુક્ત ભાષા અને લખાવટ વાચકને ન્યાલ થઈ ગયાનો અનુભવ કરાવે છે. એમના શબ્દો, અનુભવનો નિચોડ, અભ્યાસનિષ્ઠા અને ચિંતનાત્મક અભિગમ એમના સાહિત્યનું આગવું પાસું છે. ગુજરાતીમાં પ્રકાશિત થયેલાં ખાસ પુસ્તકોમાં 'સામ્યયોગી વિનોબા' (1954), 'મા ધરતીને ખોળે' (1956), 'સોનાર બાંગલા' (1973), 'અહિંસક પ્રતિકારપદ્ધતિઓ' (1975), 'સૌના ગાંધી' ભાગ 1થી 12 (2005), હિન્દીમાં 'ભૂદાન આરોહણ' (1956), 'સર્વોદય વિચાર' (1964), 'ટૈંક બનામ લોક' (1969), 'વિશ્વ કી તરુણાઈ' (1975), 'યત્ર વિશ્વં ભવત્યે નીડમ્' (1975) તથા 'ભૂદાન', 'શાંતિસેના', 'સર્વોદય વિચાર'ની બાર પુસ્તિકાઓ અને અંગ્રેજીમાં 'હૅન્ડબુક ઑફ શાંતિસૈનિક' (1963), 'શેવડ્ર્ઝ એ નૉનવાયોલન્ટ રેવલ્યુશન' (1972), 'હૅન્ડબુક ફૉર સત્યાગ્રહ' (1973), 'માય ગાંધી' (1999) દ્વારા ગાંધીવિચાર અને સર્વોદય વિચારની છણાવટ થયેલી છે. 'જયપ્રકાશ સ્મારકગ્રંથ' (1985) અને 'વેડછીનો વડલો' (1983) દષ્ટિપૂર્ણ સંપાદનના ઉત્તમ નમૂના છે. રવીન્દ્રનાથનાં ગીતોને 'રવિછવિ' નામે અને ભીષ્મ સાહનીની નવલકથા 'તમસ'ને ગુજરાતીમાં ઉતાર્યાં છે. લેખક તરીકે એમની ભાષામાંડણી તથા અસાધારણ મૌલિકતા પ્રતિબિંબત થતી જોવા મળે છે.

નારાયણ દેસાઈ ગુજરાતી ભાષાના એક ઉત્તમ ગદ્યકાર છે. 'સંત સેવતાં સુકૃત લાધે' (1967), 'મને કેમ વીસરે રે' (1986), 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' (1993), 'મારું જીવન એ જ મારી વાણી' (2003) પુસ્તક ઉપરાંત 'ઘણું જીવો ગુજરાતી' (2010) પ્રત્યેક ગુજરાતીએ વાંચવાં, વસાવવાં જોઈએ. સાબરમતી આશ્રમમાં પસાર કરેલા શૈશવનાં સ્મરણો 'સંત સેવતાં સુકૃત લાધે'માં હળવી શૈલીમાં છે. આશ્રમજીવનની ઝાંખી એમાં જોવા મળે છે. ગાંધીજી અને આશ્રમનો માહોલ વાચકના મનમાં જીવતો થઈ ઊઠે તેવું આ પુસ્તક છે. 'મને કેમ વીસરે રે'માં તે સમયની 30 વ્યક્તિઓનું ચરિત્ર–આલેખન છે. ચરિત્રકાર તરીકે નારાયણભાઈની ખૂબી એ છે કે ચરિત્રની લાક્ષણિકતાઓ ખૂબ લાઘવથી અને રમતિયાળ રીતે મૂકવામાં આવે છે. એમનાં અનુભવ અને સ્મરણમંજૂષામાં જીવંત રહેલાં આ ચરિત્રો આપણને લાધે છે.

'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' 1993માં પ્રગટ થયું. મહાદેવ દેસાઈનું જીવન અને એમની અસાધારણ પ્રતિભા એમાં અંકિત થઈ છે. ગાંધીજી પ્રત્યેનું એમનું સમર્પણ વ્યક્તિકેન્દ્રી ન બનતાં સમગ્ર યજ્ઞમાં હોમાઈ જવા તત્પર એવા એક પ્રાજ્ઞ પુરુષનું જીવન જોવા મળે છે. એમનું જીવન તો ગાંધીમાં સમાવિષ્ટ થઈ ગયેલું પરંતુ તે સમયને ઉજાગર કરવામાં એમનું કેવું તો મોટું પ્રદાન હતું એ વાચકને સ્પર્શી જાય છે. મહાદેવ દેસાઈનું જીવંત ચરિત્રલેખન એમાંથી મળે છે. આ પુસ્તકની ભાષા, એમાંની સામગ્રી અને એની પાછળની ચીવટ એક ઉત્તમ લેખકમાં સંશોધક અને સંપાદક પણ સાથે સાથે જોવા મળે છે. એ રીતે ગુજરાતી સાહિત્યનો એક ખૂબ મહત્ત્વનો આ ગ્રંથ બની રહ્યો છે.

'મારું જીવન એ જ મારી વાણી' ચાર ખંડમાં વિભાજિત છે. ગાંધીજીવનનો જાણે જીવંત દસ્તાવેજ જગતને મળે છે. આ બૃહત્ ગાંધીચરિત્રને સાધના, સત્યાગ્રહ, સત્યપક્ષ, સ્વાર્પણ એમ ચાર ખંડમાં મૂકવામાં આવ્યું છે. ચોથા ખંડમાં ગાંધીજીનાં છેલ્લાં છ વર્ષનો આલેખ છે. લેખક આરંભે કહે છે, "આ ખંડ ગાંધીજીના જીવનનાં છેલ્લાં છ વર્ષ આવરે છે તે એક કરુણ ઉજ્જ્વલ કથા કહી જાય છે. આ કાળ દરમિયાન ગાંધીજીનાં ઘણાંખરાં સપનાંના એમની આંખ સામે ચૂરેચૂરા થયા છે અને દરેક તબક્કે તેઓ એક એકથી ઊંચાં નૈતિકતાનાં શિખરો ચડ્યા છે. સ્વર્ગારોહણ પર્વમાં જેમ યુધિષ્ઠિરને એક પછી એક સ્વજનો છોડવા પડ્યા હતા તેમ ગાંધીજીને પોતે જતનપૂર્વક કેળવેલાં સપનાં ત્યજવાં પડ્યાં છે."

નારાયણભાઈ ઉપર છ મહાનુભાવોને લગાવ વિશેષ રહ્યો છે : ગાંધી, વિનોબા, જેપી ઉપરાંત મહાદેવભાઈ અને રવીન્દ્રનાથનો. રવીન્દ્રનાથમાંથી એ સત્યની સાથે સુંદરતાનો સમન્વય પ્રાપ્ત કરે છે. રવીન્દ્ર સાહિત્યનું ચિંતન–મનન એમને ગમતું રહ્યું છે. એ બંગાળીના જાણકાર હોવાથી રવીન્દ્રનાથનાં બંગાળી ગીતો પણ એમને

ખૂબ પ્રિય છે. ઘણી વાર એ ગાતા હોય છે. એમણે સર્જેલી પ્રકૃતિ પ્રાર્થના – એમણે રચેલી એક સરસ કૃતિ છે. એમણે ઘણાં કાવ્યો રચ્યાં છે જે અપ્રગટ છે. પણ ગાંધીકથા અંતર્ગત લખેલાં પ્રસંગ–ગીતો લોકો વચ્ચે ઠીક ઠીક પ્રસાર–પ્રચાર પામ્યાં છે. પ્રાસંગિક હોવા છતાં અનેક સંવેદના ભાવક પકડી શકે એવાં છે. જ્યારે સમૂહગાનમાં એ ગવાતાં હોય છે ત્યારે તલ્લીન નારાયણ દેસાઈની મુદ્રા જોવી એક લહાવો છે. એમણે લખેલા પત્રોનું ચયન કરવામાં આવે તો ચોક્કસ ખબર પડશે કે નારાયણ દેસાઈના પત્રોમાં એમની ભાષા અને ભાવ, ચિંતન અને નિસબત કેવાં તો પ્રગટે છે! એમના ભાવવિશ્વમાંથી શબ્દો નીસરે છે ત્યારે ઉત્તમ સાહિત્યકારની છબિ પ્રગટે છે.

ભારતીય જ્ઞાનપીઠે 2004માં એમને ‘મૂર્તિદેવી પુરસ્કાર’થી નવાજ્યા છે. ગુજરાતી સાહિત્યનું સર્વોત્તમ પારિતોષિક (રણજિતરામ સુવર્ણચંદ્રક) એમને મળ્યું છે. આ ઉપરાંત ‘દર્શક ઍવૉર્ડ’, ‘નર્મદ સુવર્ણચંદ્રક’ જેવાં સન્માનો પણ પ્રાપ્ત થયાં છે. તાજેતરમાં જ બાંગ્લાદેશની સરકારે બાંગ્લાદેશની સ્વતંત્રતામાં મદદરૂપ થયેલા લોકોનું સન્માન કરેલું. નારાયણભાઈ દેસાઈને ઢાકા બોલાવી તેમનું બહુમાન કરવામાં આવ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે રહી એમણે ગુજરાતી ભાષા માટે જાગૃતિ આણી અને ગુજરાતી સાહિત્યને લોકાભિમુખ કરવામાં સક્રિય ભૂમિકા ભજવી. હાલ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે એમની સેવાનો લાભ વિદ્યાપીઠને મળી રહ્યો છે.

માંડૂક્યોપનિષદમાં આત્માને પ્રાપ્ત કરવાનાં ત્રણ સાધન દર્શાવવામાં આવ્યાં છે : સત્ય, તપ અને જ્ઞાન. નારાયણભાઈ દેસાઈ આ ત્રણેયના અધિકારી છે. ગાંધી, વિનોબા અને જેપીના સાંનિધ્યમાં હંમેશા એમણે સમાજમાં સમત્વ અને સંવાદિતા સ્થાપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

એક મુલાકાતમાં એમને પૂછવામાં આવ્યું કે ભાવિ પેઢી માટે તમે શો સંદેશો આપો છો? ત્યારે એમણે સહજ કહ્યું, “મારા જીવનની બે મૂડી છે – સત્સંગ અને મૈત્રી. એ દ્વારા જ સ્વમાં, સ્વજનમાં અને સમાજમાં કશુંક પરિવર્તન સાંપડી શકાય. ભાવિ પેઢીને આ બે વસ્તુ યાદ રાખવાનું કહેવાનું મને ગમશે.”

ગાંધી–વિચારધારા વડે એમણે સંસ્કાર, સંસ્કૃતિ અને માનવતાનો મહિમા કર્યો. આવા નારાયણભાઈ દેસાઈના જીવનની પ્રત્યેક પળ ગાંધી–વિચારના યજ્ઞકુંડનું અજવાળું બની રહી છે ત્યારે કિંચિત્ એમનું સાંનિધ્ય મળે છે એ આપણું અહોભાગ્ય છે. એ જ જાણે આપણાય જીવનની ધન્યતા.

# સાહિત્યયાત્રા : સત્સંગ અને મૈત્રીના સંગે

એ દૃશ્ય કદી ભુલાય તેમ નથી. સાહિત્યયાત્રાનો એ લુણાવાડા મુકામનો દિવસ હતો. બળબળતા ઉનાળાની ભરબપોર હતી. સાહિત્યયાત્રા અંતર્ગત ગ્રંથયાત્રા શરૂ કરવાનો સમય થઈ ગયો હતો. આટલી બધી ગરમીમાં યાત્રા કાઢવી કે કેમ એની વિમાસણમાં અમે હતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, નગરજનો, કેટલાક સાહિત્યકારો; જેને જે વૃક્ષનો છાંયડો મળ્યો એમાં લપાઈ ગયેલાં. ત્યાં અચાનક નારાયણભાઈ પ્રગટ્યા! માથે રૂમાલનું ફાળિયું બાંધેલું. ઉપર સદરો અને નીચે ઊંચી ચડાવેલી લૂંગી. બધા તરફ ગ્રંથયાત્રાનો આરંભ કરવા ઇશારો કર્યો અને સૌથી આગળ ગરમાગરમ ડામરના રોડ પર ચાલવા માંડ્યા. બૅન્ડવાળા વિદ્યાર્થીઓ સૌ પહેલાં એમની પાછળ જોડાયા, પછી વિદ્યાર્થીઓ, શિક્ષકો, નગરજનો અને છેલ્લે સાહિત્યકારો જોડાયા. આગળ ચાલતા નારાયણભાઈ અદ્દલ જાણે પેલા ગાંધી જેવા લાગતા. ગાંધીને જેમણે જોયા નહોતા એમને માટે એ દિવસે જાણે ગાંધી નજર સામે જ હતા. સામાન્ય રીતે આવા સરઘસમાં એ સૌથી છેલ્લે રહેતા પણ નારાયણ દેસાઈ એ દિવસે સૌ પહેલા ચાલતા રહ્યા. હતી તો આ સાહિત્યયાત્રા, પણ જાણે એમાં ભૂદાનયાત્રા અને ગાંધીવિચારયાત્રાનો પાસ હતો.

ગુજરાતભરમાં આશરે બેંતાળીસ જેટલાં સ્થળોએ રાતવાસો કરેલો. આખા પ્રકલ્પમાં દરેક વખતે છ સાત સાહિત્યકારો જોડાતા. કુલ મળી પચાસેક સાહિત્યકારોએ સક્રિય ભાગ લીધેલો. સો–સવા સો જેટલી સંસ્થાઓનો સહયોગ મળેલો. જ્યારે લોકો કહેતા, ‘પરિષદ અમારે આંગણે આવી’ ત્યારે નારાયણભાઈ ખૂબ રાજી થતા. આપણા સમાજ અને સાહિત્યનો આ એક મોટો વળાંક હતો. ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને લોકાભિમુખ કરવાનો આ ભગીરથ પ્રયત્ન હતો.

આ સાહિત્યયાત્રામાં ઘણી વાર અમે ઉત્સાહમાં ને ઉત્સાહમાં નારાયણભાઈની દરકાર કરતા નહીં. સાવલીમાં ખાધાપીધા વગર યાત્રા કાઢેલી. એ થાકેલા પણ આરામ કરવા તૈયાર નહીં. મારી નજર સામે એમણે હૃદયના દુખાવાની ટીકડી લઈને ચાલવા માંડેલું. હું ખાસો ચિંતામાં પડી ગયેલો. આયોજકો કહે, ગાડી રાખી છે. એ રોકડું પરખાવે, ‘મારે બે પગ છે.’ મન અને પંડને સહેલાઈથી મચક આપે તે નારાયણ દેસાઈ નહીં. એમની નિસબત અને સહજનિષ્ઠા અમે અંકે કરેલી. કદાચ ગાંધી પછી એમણે જ ગુજરાતી ભાષા, સાહિત્ય અને આ સંદર્ભે સમાજ માટે આટલી બધી નિસબત દર્શાવેલી.

આ યાત્રા દરમિયાન એક વાર વાતચીતમાં મેં એમને પૂછેલું, ધારો કે પચીસ–પચાસ વરસ પછીની ભવિષ્યની પેઢીને તમારે કોઈ સંદેશો આપવો હોય તો તમે શું આપો? રેંટિયો ચલાવતા એ ઘડીક અટક્યા અને એમની લાક્ષણિક મુદ્રામાં વિચાર કર્યો. અને બોલ્યા, “સદા સત્સંગ અને મૈત્રીને જીવંત રાખો.” સાહિત્યયાત્રામાં જે સમય એમની સાથે ગાળેલો તેથી સત્સંગનો સાચો અર્થ સમજાયેલો. એમણે ગાંધી, વિનોબા, જે.પી. અને અનેક મહાનુભાવો સાથે જે સમય ગાળેલો, જે સત્સંગ કરેલો એનો પરોક્ષ અનુભવ અમને સાહિત્યયાત્રામાં લાધેલો. મૈત્રી કોને કહેવાય તેની સમજ તો ત્યારે કેળવાઈ જ્યારે એમણે મોટી ઉંમરે મારા જેવા નાની ઉંમરવાળાને દોસ્ત તરીકે સ્વીકારેલો. સત્સંગ અને મૈત્રીની મૂડી અંકે કરનારો આ ગાંધીજન નિરાળો હતો. કારણ કે એમણે પોતાના જીવનમાં ત્રણ વાત સ્વીકારેલી; નિષ્ઠા, શ્રદ્ધા અને વિસ્મય!

ટાગોર એમના પ્રિય કવિ. એમને એમનાં ઘણાં ગીતો કંઠસ્થ. સાહિત્યયાત્રાની સવાર તો એમણે રચેલી પ્રકૃતિ પ્રાર્થનાથી પડે પણ થોડા નવરા હોઈએ ત્યારે ટાગોરની કાવ્યપ્રસાદી પણ મળે; ત્યારે સમજાય કે નારાયણભાઈમાં એક વિસ્મય હંમેશા જીવતું રહેલું હતું. એમનું સાહિત્ય એની મોટી ઓળખ છે. ‘સંત સેવતાં સુકૃત વાધે’ પુસ્તક એનો પુરાવો છે. 116 ગાંધીકથાના કથારસથી એટલેસ્તો લોકો જકડાયેલા રહેલા. એમનામાં માણસમાત્ર માટેની અપાર શ્રદ્ધા હતી. સાહિત્યયાત્રાનું આયોજન એમના માર્ગદર્શનમાં કરવામાં આવેલું. આખા ગુજરાતમાંથી મારી ઉપર ફોન આવે, નારાયણભાઈ સાથે બધા આવવાના છે તો શો કાર્યક્રમ યોજવો જોઈએ? એમની સૂચના કે એમની ઉપર જ વિશ્વાસ રાખવો. એ કહે કે ઝાડુ વાળો તો આપણે એ કામ કરવાની તૈયારી રાખવી. મારી દહેશત ખોટી પડી. લગભગ બધે જ બધાએ ખૂબ ઉત્તમ રીતે આયોજન કરેલું. એ શ્રદ્ધામાં શ્રદ્ધા રાખીને ‘પુસ્તક પરબ’ નામનો પ્રકલ્પ શરૂ કરેલો. આજે નારાયણભાઈની એ વાત સમજાય છે, આપણા સમાજની સાચી મૂડી તો શુભમાં શ્રદ્ધા છે.

ગાંધી 1915માં આવ્યા અને એમના મહત્ત્વના એજન્ડામાં એક વાત માતૃભાષા નિસબત પણ હતી, કદાચ ગાંધી પછી આ પ્રકારે ભાષાની વ્યાપક નિસબત ગુજરાતમાં એમની હતી. સાહિત્યયાત્રામાં સાહિત્યકારોને સમાજ વચ્ચે લાવ્યા અને ગુજરાતી ભાષાનો મહિમા ઊભો કર્યો. એમના પ્રમુખપદેથી રજૂ થયેલા વ્યાખ્યાનનું શીર્ષક જ કેટલું દિશાદર્શન કરાવનારું હતું, 'ગિરાગુર્જરીને વિશ્વગુર્જરી બનાવીએ'. એ લેખ પ્રમુખ પત્રોના એમના પુસ્તકમાં એક મોટું પ્રદાન છે. 'ઘણું જીવો ગુજરાતી' પુસ્તકમાંનો એ લેખ તો દરેક ગુજરાતીએ વાંચવો રહ્યો. ગાંધીકથા દ્વારા ગાંધીવિચાર સાચા અર્થમાં લોકો સુધી પહોંચે એ માટે તેઓ પ્રયત્ન કરતા પણ સાહિત્યયાત્રા દ્વારા સમાજને સાહિત્યાભિમુખ કરવો અને સાહિત્યને લોકાભિમુખ કરવું એ એમનું મહત્ત્વનું પ્રદાન છે.

એમની બીજી નિસબત સમાજમાં એકતા સાધવી તે હતી. એ પ્રમુખ હતા ત્યારે સમાજના વિવિધ સ્તરો વચ્ચે વિમર્શનો પ્રયત્ન કરેલો. દલિત, મુસ્લિમ, પારસી, આદિવાસી સાહિત્ય અને એના સર્જકો વચ્ચે વિચારવિમર્શનું આયોજન કરાવેલું. ખૂબ સક્રિય અને કાર્યરત રહેલા અને છતાં જ્યાં સુધી નિર્ણય અંગે સર્વસંમતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ધીરજથી રાહ જોતા, અન્યથા એ નિર્ણય મુલતવી રાખતા. ક્યારેક હું કોઈની આલોચના કરી બેસતો તો એ હંમેશાં સામેના પક્ષેથી જ સ્થિતિ વિચારતા અને ક્યારેય મારા મતને અનુમોદન મળતું નહીં. એ હંમેશા કડક પરીક્ષકની ભૂમિકા ભજવતા. સાહિત્યયાત્રામાં સવારથી મોડી રાત સુધી કાર્યરત હોઈએ. થાક્યાપાક્યા વિસામા તરફ જતા હોઈએ ત્યારે નારાયણ દેસાઈ આખા દિવસનું મૂલ્યાંકન કરવા કહેતા. પછી જ સૂવા મળતું.

એમનાં નિરીક્ષણો અને પ્રતિભાવો સ્પષ્ટ રહેતાં. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ નિમાયા ત્યારે અધિવેશનમાં એમણે એક મહત્ત્વનું વ્યાખ્યાન આપવાનું હતું. એમણે પરિષદના પૂર્વપ્રમુખોનાં વ્યાખ્યાન જોઈ જવા ઇચ્છા દર્શાવી એટલે એ પુસ્તક એમને આપ્યું. પુસ્તક જ્યારે પરત લીધું ત્યારે મેં સહજ પૂછ્યું, કોનું વ્યાખ્યાન સૌથી સારું લાગ્યું? એ કહે, "એ તો ના કહી શકું પણ કોનું પ્રમાણમાં નબળું છે તે કહી શકું." મેં તરત પૂછ્યું, "કોનું?" એ કહે, "ગાંધીનું!"

એક વાર એ બીમાર હતા. એમની જગાએ એમની ગેરહાજરીમાં મારે બોલવાનું હતું, એટલે મેં ખાદીનાં વસ્ત્રો પહેર્યાં. થોડા દિવસ પછી એમને મળવાનું થયું ત્યારે હરખભેર મેં એ વાત એમને જણાવી. એ તરત કહે, "આ તો બહુ ખોટું થયું." હું તો સ્તબ્ધ થઈ ગયો. કેમ? પૂછતાં એમનો જવાબ મળ્યો : "હવે કાયમ માટે ખાદી તો નહીં પહેરો ને?"

અહિંસાવિષયક એમની નિસબત કેવી હતી તે દર્શાવતો એક પ્રસંગ સાહિત્યયાત્રામાં બનેલો. એક કુટુંબના ઘેર અમે રાતવાસો કરેલો. ખૂબ સુવિધાપૂર્ણ ઘર હતું. બીજા દિવસે સવારે ઘરના સૌ અમને વિદાય આપવા છેક સુધી આવ્યાં. વડીલ બહેને નારાયણભાઈને ખૂબ વિવેકથી સહજ પૂછ્યું, “ઊંઘ તો બરોબર આવેલી ને? કોઈ તકલીફ તો નહોતી પડીને?” એ બોલ્યા, “આમ તો કંઈ વાંધો ન હતો પણ એક મુશ્કેલી હતી.” પેલાં બહેન થોડાં ચિંતામાં પડી ગયાં. નારાયણભાઈએ કહ્યું, “આમ તો બધું સારું હતું પણ રૂમમાં એક રમકડાંની બાસ્કેટ હતી. અને એમાં રમકડાની એક નાની પિસ્તોલ હતી.” પેલાં બહેન કંઈ પ્રતિભાવ આપે એ પહેલાં અમે બીજા સ્થળે જવા માટે નીકળી ગયા.

એમની સાથેના સહવાસમાં યાત્રા દરમિયાન ત્રણ વાતની ચોકસાઈ એમનામાં જોઈ. એક તો દરરોજ સવારે આશરે એકાદ કલાક મૌન રાખી એ ચાલતા. દિવસ દરમિયાન સમય કાઢી એકાદ કલાક એ કાંતતા. એ કહેતા, કાંતવાનો સમય એમનો ધ્યાનનો સમય હોય છે. અને દિવસ દરમિયાન એકાદ કલાક એ ડાયરી લખતા. આ બધું એ પૂરી ચોકસાઈથી અને ખૂબ તલ્લીન થઈને કરતા. જે દિવસે સંજોગોવશાત્ ઓછો સમય અપાતો તો બીજા દિવસે એટલો સમય ઉમેરતા.

એ પોતે પોતાને ગાંધીનો ખેપિયો અને કોસિયો લેખવતા. એમની દરેક નિસબતમાં એ વાત પ્રગટતી. ‘મારું જીવન એ જ મારી વાણી’ ગાંધીનું બૃહદ્ ચરિત્ર આપનાર આ ગાંધીજન વિશે પણ એમ જ કહી શકાય. એક વાર આકાશવાણી માટે એમની મુલાકાત લીધી હતી. એમની જોડેથી એમના જીવન વિશે ઘણી માહિતી ભેગી કરી. મુલાકાત પત્યા પછી હળવાશમાં મેં કહેલું, “હવે હું તમારું જીવનચરિત્ર લખી શકીશ.” એક પણ ક્ષણના વિલંબ વગર એ બોલેલા, “પણ હું ક્યાં મરવાનો છું?”

હવે એ આપણી વચ્ચે નથી ત્યારે હજુ જાણે એ વાત સાચી લાગે છે.

●●●